

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-03 ■ તા. 21-1--2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## ટાટા અને એરબસ સાથે મળીને હેલીકોપ્ટર બનાવશેઃ ભારત-ફ્રાંસ વચ્ચે મહત્વના કરાર



નવીદિલ્હી,તા.૨૭

ભારતના વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ કહ્યું કે ભારતના ટાટા જૂથ અને ફ્રાન્સના એરબસે મહત્વપૂર્ણ સ્વદેશી અને સ્થાનિયકરણ ઘટક સાથે નાગરિક હેલિકોપ્ટર્સ બનાવવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે કહ્યું કે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મૈક્રોની ભારતની રાજકીય યાત્રા દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

જયપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ વચ્ચે થયેલી વાતચીતના મુખ્ય વાતોની જાહેરાત કરતા વિદેશ સચિવ ક્વાત્રાએ એમ પણ કહ્યું કે ભારત અને ફ્રાન્સે એક રક્ષા ઔદ્યોગિક ભાગીદારીનો રોડમેપ તૈયાર કર્યો છે. તે મુખ્ય લશ્કરી હાર્ડવેર અને પ્લેટફોર્મના સહ-વિકાસ અને સહ-ઉત્પાદન માટે પ્રદાન કરશે અને અવકાશ, જમીન યુદ્ધ, સાયબરસ્પેસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિતના વિવિધ ક્ષેત્રોમાં તકનીકી સહકારની સુવિધા આપશે.

વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ ભારત અને ફ્રાન્સ જે મુદ્દાઓ પર સહમત થયા છે તેની માહિતી આપી હતી. તેમાં પ્રથમ ભારત-ફ્રાન્સ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ રોડમેપ. બીજું, ડિફેન્સ-સ્પેસ ભાગીદારી પર સમજૂતી. ત્રીજું, સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (એનએસઆઈએલ) અને એરિયનસ્પેસ વચ્ચે ઉપગ્રહ પ્રક્ષેપણ અને ટાટા અને એરબસ હેલિકોપ્ટર્સ વચ્ચે મહત્વપૂર્ણ સ્વદેશી અને સ્થાનિકીકરણ ઘટક સાથે એચ ૧૨૫ હેલિકોપ્ટર્સના ઉત્પાદન માટે ઔદ્યોગિક ભાગીદારી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.આ સાથે જ બંને દેશો વચ્ચે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ વચ્ચે થયેલા કરાર છે. આ ઉપરાંત સમજૂતીમાં હેલ્થકેર સહકાર, શિક્ષણ, તાલીમ અને સંશોધન પર સ્વાસ્થ્યનાં બે ક્ષેત્રો સામેલ છે. આમાં ડિજિટલ હેલ્થનું ક્ષેત્ર અને હેલ્થકેર ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગનો સમાવેશ કરવામાં આવશે. આ વાત પર સહમતિ સધાઈ છે. ૨૦૨૬ સુધી ભારત-ફ્રાન્સ તેને એક ઈનોવેશનના રૂપમાં ઉજવશે.

## દહેગામમાં પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી







આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી હિતેશ કોચા જિલ્લા પોલીસવડા રવિ વસીમ તેજા ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન સોલંકી એપીએમસી ચેરમેન સુમેરુભાઈ અમીન શહેર સંગઠન પ્રમુખ યોગેન્દ્ર શર્મા દહેગામ મામલતદાર શ્રી તેમજ સ્ટાફ નગરપાલિકા સ્ટાફ દહેગામ નગરની સ્કૂલો વિવિધ સંસ્થાઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા વિશાળ સંખ્યામાં આજે આ સમારોહમાં લોકો એ ભાગ. લેતા ધ્વજ વંદન કર્યાં હતાં

પ્રજાસત્તાક પર્વના સમારંભમાં માનનીય અધ્યક્ષ શ્રીશંકર ભાઈ ચૌધરીના હસ્તે વર્ષ ૨૩ ૨૪ માં ખેલકુદ મહાકુંભમાં સરકારશ્રીની તમામ જિલ્લા વહીવટી તંત્ર સાથે રહીને ખૂબ જ સારું સંકલન કરનાર મહેશભાઈ ચૌધરી ને તેમ જ કલેકટર કચેરી ગાંધીનગર ના દિવ્યા જે પંડ્યા નાયબ મામલતદાર જેમને ઈન્ટરનેશનલ ટેબલ ટેનિસ ખેલાડી તરીકે ૭૨ દેશોમાં ભાગ લીધો હતો અને ભારતની ટીમનું પ્રતિનિધિત્વ કરતા વિમેન્સ ડબલ માં પ્રથમ સ્થાને ગોડ મેડલ પ્રાપ્ત કરેલો

તેમની સાથે નાથીબા કોમર્સ કોલેજના ડોક્ટર પ્રણવ જોશી ને ટેબલ ટેનિસના ઈન્ટરનેશનલ ખેલાડી તરીકે હૈદરાબાદ મુકામે યોજાયેલી માસ્ટર કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં ૭૨ દેશોમાં ભાગ લીધો હતો તેમાં ભારતનું ટીમનું પ્રતિનિધિત કરી મેન્સ ડબલ્સમાં દ્વિત્રીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું તે સંદર્ભે તે ઉપરાંત બિરેન સોની ટેબલ ટેનિસના ઈન્ટરનેશનલ ખેલાડી તેમને પણ ૭૨ દેશોમાં ભાગ લઈ મેન્સમાં સ્થાન પ્રાપ્ત કરેલું તેમનુ સન્માન કરવામાં આવ્યું હતું. આ સિવાય રમતગમત ક્ષેત્રે દેવાંશી ભાવેશ પટેલ પુ ભારતીય ટીમમાં ત્રીજા ક્રમે પ્રાપ્ત કરેલો રોલ બોલ વર્લ્ડ કપ ૨૦૨૩ માં તેમને તેમજ હેમા આર સાગરે દુબઈ ખાતે ભાગ લઈ ત્રણ મેડલ જીતેલા તેમને તેમજ રોહન કુમાર દિવ્યાંગ હોવા છતાંય સ્વીમીંગ ની અંદર ત્રણ ત્રણ મેડલ મેળવનાર સન્માન કરાયું હતું.

શૈક્ષણિક ક્ષેત્રે જિલ્લા પંચાયતના રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવનાર ગૌસ્વામી બીપીન પુરી તેમજ પટેલ સત્યમ ગોવિંદભાઈ પ્રાથમિક શિક્ષક શોર્ટ ફિલ્મ નવીસ્તા બનાવી યુએસએ ફિલ્મ ફેસ્ટિવલમાં ટોપ સ્થાન મેળવ્યું હતું તેમને આ સિવાય શર્મા પ્રશાંતકુમાર પ્રાથમિક શિક્ષક તરીકે ભારતમાં યોજાયેલ ઈનોવેશન ફેરમાં ભાગ લીધો હતો તે માટે તેમજ રુદ્ર હિતેશકુમાર પરમાર નામનો વિદ્યાર્થી જેને જાપાન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ગુજરાતમાંથી પસંદ થયેલા છ વિદ્યાર્થીઓ જે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની સરકારી ઉત્તર માધ્યમિક શાળામાંથી પસંદગી થયેલો હતો તેનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ સિવાય જીવન આસ્થા હેલ્પલાઈન પોલીસી સાથે આરોગ્ય વિભાગ જનરલ હોસ્પિટલ સારું કામ જેમને કર્યું હતું તે બધાને વિશિષ્ટ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઈમરજન્સી મેડિકલ ટેકનીશીયન ૧૦૮ એમ્બ્યુલન્સ પાયલોટ ધનવંતરી આરોગ્ય રથ પેરામેડિકલ સ્ટાફ યુ જી વી સી એલ દહેગામ સ્ટાફ ને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા પોલીસ તંત્રને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માં બંદોબસ્ત ને કામગીરી આયોજન અને વીવીઆઈપી મોમેન્ટ ના આયોજનની સુંદર કામગીરી કરેલી તેવા નાયબ પોલીસ અધિક્ષક અમી પટેલ એસએમ ચૌધરી નાયબ પોલીસ અધિક્ષક પીજે ચુડાસમા પી.એસ.આઈ.બી શ્રીમતી પીવી રાઠોડ પોલીસે ઈસ્પેક્ટર ટ્રાફિક એમ એચ દેસાઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ આઈ પી ને ખાસ સન્માનિત કરાયા હતા આ સિવાય ખાસ કલેક્ટર ઓફિસ ગાંધીનગર ના શ્રી નરેન્દ્ર લાલદાસ નિમાવત જેઓ ગવર્મેન્ટની તમામ જે ઈન્ટરનેટ ચાલે છે જીશાન તેને લગતી તકનીકી સહાય ઉપરાંત વિડીયો કોન્ફરન્સ ની લાજવાબ કામગીરી માટે તેમને ખાસ પ્રમાણપત્ર અને સન્માનિત કરાયા હતા

સાંસ્કૃતિક કાર્યક્રમમાં દહેગામની રેવાબા વિદ્યાલય તેમજ લવાટની સ્કૂલ નો સાંસ્કૃતિક કાર્યક્રમ લોકોએ મંત્રમુગ્ધ બની માણ્યો હતો. આમ દહેગામનું પ્રજાસત્તાક પર્વ રંગે ચંગે સમાપ્ત થયું હતું








૭૫ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે માનનીય મેયર શ્રી હિતેશભાઈ મકવાણા ની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી તેમજ મેયરશ્રીના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે લોકશાહીના આ શુભ અવસર પર દેશની એકતા અને અખંડિતતા માટે બલિદાન આપનાર તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓ, બંધારણ નિર્માતાઓ અને સૈનિકોને વંદન કરું છું. આવો, આઝાદીના અમૃતકાળમાં આપણે સૌ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બનીએ.

તંત્રી લેખ......

# પત્રાવળી-૩૦

# સહયાત્રીઓ !




તમારાં સૌની ટપાલો સમયસર મળે છે. ઈ-મેઈલનું બારણું ખખડે ને જોઉં કે આજે કોઈના લખાણનું પરબીડિયું નથી પણ ટપાલ છે, એટલે એક ઉત્સાહ જાગી જાય અને ઉનાળાના ઠંડા માટલાના પાણીની માફક ગટગટાવી જાઉં. (ઉનાળો ! સાક્ષાત્ અનુભવી રહ્યો છુંપ ને એટલે જ સાવ સહજ એ અત્યારે અહીંય ટપકી પડ્યો !)

તમ સૌની ટપાલના જવાબમાં (ના, જવાબમાં નહીં, આ કાંઈ વેપાર કે વહેવાર થોડો છે? કે કોઈ હિસાબકિતાબનાં લેખાંજોખાંય નથી જ વળી; એટલે "વાચનસુખના ઓડકારના વળતા પ્રતિભાવમાં" –) સહજ જ થાય કે સૌને લાવો સંભારી લઉં.

'સંભારી લઉં' એમ લખ્યું ભલે, પણ ટપાલની આ પ્રવૃત્તિ, પ્રક્રિયા, કામગીરી, કાર્યવાહી એ શું ફક્ત સંભારવા પૂરતી મર્યાદિત હોય ? ટપાલ એ કોઈ કાગળના ટુકડા પર ટપકાવાતા અક્ષરો કે કમ્પ્યૂટરના પડદે છપાતા ફોન્ટસની હારમાળા જ છે કે ? લખવાની શરૂઆત થયા પછી આ હજારો વર્ષોમાં કેટકેટલાં લખાણો ચામડા ઉપર, તાલપત્રો ઉપર, પથ્થરો ઉપર ને એમ બદલાતાં જતા પટ ઉપર લખાતાં જ રહ્યાં છે. વેપાર–વ્યવહાર–દસ્તાવેજ ને કોણ જાણે કેટલાય ઉદ્દેશોને લઈને સદીઓથી લખાતું જ આવ્યું છે !

પણ સૌથી ઉપર જો કોઈ લખાણ રહ્યાં હોય તો તે સર્જનાત્મક લખાણો ! કાવ્યશાસ્ત્રમાં સંઘરાયેલો ઈતિહાસ જોઈશું તો જણાશે કે કાવ્યશાસ્ત્ર જેમાં ગદ્ય–પદ્ય સમગ્ર સર્જનોનો સમાવેશ થાય છે, તેણે આપણી સંસ્કૃતિને સાચવીને પ્રસારી છે.

પણ, સર્જનાત્મક સાહિત્ય અને વ્યવહારોનાં સ્થૂળ, રૂક્ષ લખાણો એ બંનેની વચમાં જેનું સ્થાન મને દેખાયું છે તે તો છે આ ટપાલો ! એમાં સ્થૂળ વ્યવહારોય છે ને હૃદયને નીચોવીને ગંતવ્યે બેઠેલા વાચકને ક્યારેક તો હલબલાવી મૂકનારાં સર્જનાત્મક તત્ત્વોય છે જ !! મને તો કિશોરાવસ્થાથી જ એનો નેડો લાગેલો.

પણ વાત તો હું કરતો હતો પત્ર દ્વારા સંભારવાની, ને તમને સૌને ક્યાંથી ક્યાં લઈ ગયો ? હા, પત્રો જો લાંબા થઈ જાય ને રોજિંદા વાતવ્યવહારોને ડાબે હાથે મૂકીને ફિલસૂફી ઠઠાડવા માંડે તો પત્રો પત્રો રહેતા નથી.

છતાં એક એવું કારણ આ માધ્યમની માયા પાછળ રહેલું છે, જેને માટે જ તો આજે તમને સહુને સંભાર્યા હતાં ! (ફરી પાછું સંભારણું !)

તમને સહુને યાદ હશે કે મારા એક પત્રમાં મેં પત્ર અંગે લખેલું કે એ એવો અરીસો છે જેમાં વાંચનારને લખનારનો ચહેરો દેખાતો હોય છે ! આને ટેલિપથી તો ન કહેવાય તોય આ એક ચમત્કાર તો છે જ. લખનાર, એનાં ઘરનાં સૌ, અરે ઘરનું ફળિયું, ઓશરી ને રસોડું સુદ્ધાં વાંચનારને દેખાતું હોય છે પત્રમાં !!

ને એટલે જ તો એક જમાનો હતો જ્યારે ટપાલી સૌનો માનીતો હતો ! દૂરથી દેખાતા ટપાલીનાં ચરણારવિંદ પોતાના ઘરભણી વળતાં દેખાય કે તરત ઘરધણી ઊભડક થઈ જતો ! (હા, ગામમાં જો કોઈને ઘેર 'તાર' લઈને ટપાલી આવે તો માણસ ધ્રુજી જતોપ.માઠા સમાચારની બીકે પડોશીઓય ગણગણી રહેતા કે ભારે થૈ, કોક ગયું !

લ્યો, એક બીજુંય યાદ આવી ગયું – મરણનો કાગળ હોય તો કાગળના મથાળે ઘાટા અક્ષરે લખવામાં આવતું કે "કપડાં ઉતારીને વાંચજો" જેથી કરીને કપડાં–વાસણ વગેરે અભડાઈ ન જાયપ)

વળી પાછી મૂળ 'વાતનું વતેસર' થઈ ગયું. તમે સૌ કંટાળી જાવ એ પહેલાં હવે એ વાત જ કરી નાખું એટલે હાંઉં.

પત્ર લખનાર, અહીં હું પોતે, લખતી વેળા નજર સામે તમને સૌને રાખું એ તો સહજ છે પણ લખતી વખતે મને જે પ્રેરે છે તે તો તમારા આવીને વંચાઈ ગયેલા પત્રોમાંની ફોરમ. પત્રો કાગળ પર હોય કે કમ્પ્યૂટરને પડદે, પણ એમાં લખાયેલા–છપાયેલા અક્ષરોમાંથી જ્ઞાનેન્દ્રિયોને સ્પર્શી જનારી કોઈ અગમ્ય ચીજ સ્ફુરી રહેતી હોય છે. જુઓ આ સ્ફુરણા શબ્દમાં જ કોઈ ફોરમનો અર્થ પ્રગટતો જણાય છે ? પત્રોને હું એટલે જ જીવંત ગણું છું.

પત્રો સર્જનાત્મક અને વ્યાવહારિક બંને બાબતોને સવ્યસાચીની જેમ પ્રયોજે છે !! એમાં બે હૃદયોની ધબકનુંક્ર

## હળવદ દાઉદી વ્હોરા સમાજ દ્વારા પ્રજાસતાક પર્વની ઉજવણી કરાઈ



હળવદ દાઉદી વ્હોરા વ્હોરા સમાજ દ્વારા ૭૫મા પ્રજાસતાક પર્વે તેમની સોસાયટી તેમજ ધર્મ સ્થળ મોલ્લા કાજીના મુખ્ય દરવાજે સમાજના તમામ ભાઈઓ એ મળી, વંદેમાતરમ, ભારત માતા કી જયના નારા તેમજ રાષ્ટ્ર ગાન સાથે દવજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો, કાર્યક્રમને સફળ બનાવવા દાઉદી વ્હોરા સમાજ હળવદના પ્રમુખ અબીઝરભાઈ વ્હોરા જહેમત ઉઠાવી હતી.

## ૧૧મુખી હનુમાનજીની વિરાટ મૂર્તિધારી ભૂરિયા ખાતે જગત કલ્યાણ માટે ૧૭૧મો સુંદરકાંડ પાઠ થયો

થરાદ તાલુકાના ભૂરિયા ગામે મહંતશ્રી ઘેવરદાસજી મહારાજના સતસંકલપથી બનાસકાંઠા પંથકને ગૌરવ લઈ શકાય તેવી ૧૧મુખી હનુમાનજીની પથ્થરમાંથી નિર્મિત ૩૧ફૂટ ઉંચી ભારત વર્ષની એક માત્ર વિરાટ પ્રતિમા નિર્માણ પામી રહી છે આશ્રમના પરોપકારી મહંતશ્રી ઘેવરદાસજી મહારાજ દ્વારા કોરોના કાલથી જગત કલ્યાણ માટે દર શનિવારે સુંદરકાંડ પાઠ કરવાનો સંકલ્પ કરેલ તેના અનુસંધાને સતત ૧૭૧મા શનિવારે પૂજય ઘેવરદાસ બાપુના શ્રીમુખે સુંદરકાંડ પાઠ યોજાયો આ પ્રસંગે બહોલી સંખ્યામાં ભક્તજનો હાજર રહ્યા હતા ૧૧મુખી હનુમાનજી મહારાજ ના



અપરંપાર પરચાઓ તથા દાદા ના સ્થાને શનિવાર ભરનારની મનોકામના પૂર્ણ થાય છે તેવી માન્યતાને કારણે શનિવારે હનુમાન ભકતોનો માનવ મહેરામણ ઉમટી પડે છે

## વાઈબ્રન્ટ વિદ્યાલયમાં ૭૫માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી

થરાદ સુથાર સમાજ વાડી આશાપુરા વાસ, થરાદ પર વાઈબ્રન્ટ વિદ્યાલયમાં આજે ૭૫ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી અને પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ સ્ટાફગણ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા. આજે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નાના બાળકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ખૂબ જ સારું પર્ફોમન્સ કર્યું હતું. આમ વાઈબ્રન્ટ



વિદ્યાલયમાં આજે ૭૫માં પ્રજાસત્તાક દિન નિમિત્તે આઝાદી માટે બલિદાન આપનાર ક્રાંતિવિરોને યાદ કરવામાં આવ્યા.

## આર્ટ્સ કોલેજ, શામળાજી તેમજ ભગિની કોલેજોમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી



આર્ટ્સ કોલેજ, બી એડ કોલેજ, એસ આઈ, એમ એસ ડબલ્યુ, નર્સિંગ કોલેજોએ ભેગા મળીને ૨૬ મી જાન્યુઆરીનો પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો છે .મંડળના મંત્રી દિલીપ કટારાના વરદ હસ્તે ધ્વજવંદન કરાયા બાદ વ્હીલ ગ્લોબલ ફાઉન્ડેશન અને આઈ.ઈ.ઈ.ઈ ધ્વારા કમ્પ્યુટર ડિજિટલ લેબનું અરૂણ ભાટિયા, અને રાકેશ પટેલના હાથે કરાયું હતું.. પ્રિન્સીપાલ ડો અજય કે પટેલના માર્ગદર્શન હેઠળ તમાંમ કોલેજોએ દેશ ભક્તિને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમો હાથ ધર્યાં હતા ડો નીતિન રેંટિયા અને ડો ઉર્વશી પટેલ ડોશરવાણી પટેલ, ડો હેમંત પટેલ, ડો ભરત પટેલ અને તમામ કોલેજના જેતે ઇન્ચાર્જ મિત્રોએ સદર કાર્યક્રમો માટે જોરશોરથી તૈયારીઓ કરાવી હતી જેમાં દેશભક્તિને લગતા ડાન્સ અને દેશભક્તિ ગીતસ્પર્ધા વગેરે જેવા કાર્યક્રમોમાં તમામ કોલેજના વિદ્યાર્થીઓએ ઉમંગભેર ભાગ લઈ સમગ્ર માહોલ દેશભક્તિ સભર કરી દીધો હતો. નિર્ણાયક તરીકે ડો સમીર આર પટેલ, સચિબેન શાસ્ત્રી અને દિનેશ પાટીદારે તટસ્થ નિર્ણય આપ્યો હતો. સભા સંચાલન ડો સંજય પંડ્યા અને ડો જાગૃતિ પટેલે કર્યું હતું.

## ડીસા ના રાજપુર ગવાડી માં ૭૫ માં પ્રજાસત્તાક દિવસ ની ઉજવણી કરાઈ



ડીસા

ડીસા ના અમનપાર્ક ખાતે આવેલ જે ડી મેમણ પ્રાથમિક શાળા તથા ઈકરા માધ્યમિક શાળા ખાતે રાજપુર વોર્ડ નં ૧૧ ના કોર્પોરેટર દીપકભાઈ પઢિયાર દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યો હતો આ પ્રસંગે હાજી હનીફભાઈ મેમણ, હાજી મુરાદ ભાઈ શેખ, શેખ એહમદ વકીલ, મુસ્તકીમ મેમણવકીલ, સમીરભાઈ મેમણ, ઈદરિશભાઇ પત્રાકાર, દાઉદભાઈ મેમણ, ફહીમભાઈ શેખ, જમિલભાઈ મેમણ પત્રકાર સહિત ઉપસ્થિતિ રહ્યા હતા આ પ્રસંગે પ્રમુખ હાજી હનીફભાઈ એ જણાવ્યું કે દરેક વાલીઓએ બાળકી ને દહેજ માં ધન નહિ પરંતુ શિક્ષણ નું જ્ઞાન આપવા ભાર વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે ધો ૧૦ માં શાળા માં પ્રથમ નંબર લાવનાર સચોરા સબનમ સમીરભાઈ ને શાળા તરફથી પાંચ હજાર નું રોકડ ઈનામ આપી સન્માનિત કરી હતી આ પ્રસંગે શાળા ની બાળકી એસાસ્કૃતિક પ્રોગ્રમો સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા કાર્યકમ નું સંચાલન હુસેના બેને કર્યું હતું જ્યારે શાળા ના આચાર્ય સોહિલભાઈ મેમણ તથા ફેઝાંનભાઈ સેખે ભારે ઝેહમત ઉઠાવી હતી જયારે રાજપુર પ્રાથમિક શાળા માં સવારે સ્કૂલ થીપ્રભાત ફેરી નીકળી હતી જે રેલી ચામુંડા મંદિર થઈ ગાંધી ચોક થઈ સ્કૂલ માં પરત ફરી હતી જયારે ગાંધીચોક ખાતે સ્કૂલ ના આચાર્ય શ્રવનભાઈ અનવડિય એ ધ્વજ વંદન કર્યું હતું જયારે રાજપુર શાળા માં સૌથી વધુ ભનેલો દીકરી દીપિકા મંડોરાં દ્વારા કરવામાં આવ્યો હતો આ પ્રસંગે શાળા ના બાળકોને સાસ્કૃતિક કાર્યકમો કરી સૌને તંત્ર મુગ્ધ કરી દીધા હતા આ પ્રસંગે નરેન્દ્રભાઇ ઠકકર, પન્નાલાલ સૈની, કોર્પોરેટર વિપુલભાઈ પઢિયાર સહિત ઉપસ્થિતિ રહ્યા હતા

## ગાંધીનગરના ઝૂંડાલમાં બે મહિનાથી ફર્નિચરનું કામ પૂર્ણ નહીં થતાં મકાન માલિકે પિત્તો ગુમાવ્યો, સુથારનાં પેટમાં લોખંડની ફર્સી વડે હુમલો કર્યો

ગાંધીનગરના ઝૂંડાલ ગામની સીમમાં આવેલ મોનાર્ક ક્લેન્સ સોસાયટીમાં મકાનનાં ફર્નિચર ફિટિંગનું કામ બે મહિનાથી પૂર્ણ નહીં થતાં મકાન માલિકે પિત્તો ગુમાવી દઈ સુથારનાં પેટ - ગરદનનાં ભાગે લોખંડની ફર્સી વડે હૂમલો કર્યો હતો. જે અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




અમદાવાદ વટવામાં રહેતો શહેઝાદ ફારુકશાહ હનીફશાહ ફર્નિચર ફીટીગનુ કામ કરે છે. છેલ્લા બે મહીનાથી તે મોનાર્ક ક્લેન્સ સોસાયટીમાં હર્નિતસિંગના ઘરે ફર્નિચર ફીટીગનુ કામ કરી રહ્યો છે. જે પુરુ થવા આવેલ છે. જેની સાથે નૌસાદઆલમ પણ ફર્નિચરનું કામ કરવા જાય છે. ગત તા. ૨૫ મી જાન્યુઆરીનાં રોજ સાંજના ૭ વાગ્યાના સુમારે ઝુંડાલ ગામની સીમમાં આવેલ મોનાર્ક ક્લેન્સનુ ફર્નીચરનુ કામ પૂર્ણ કરી શહેઝાદ અને નૌસાદ પાક'ગમાંથી બાઈક લઈને ઘરે જવા માટે નિકળ્યા હતા.તે વખતે હર્નિતસિંગ તેઓની પાસે ગયો હતો. અને કહેવા લાગેલ કે કાલથી ઘરનું ફર્નિચરનું કામ કરવા માટે આવતો નહી. અને ઉશ્કેરાઈને ગાળો બોલવા લાગ્યો હતો. આથી શહેઝાદે ગાળો બોલવાની ના પાડતાં હર્નિતસિંગ વધુ ઉશ્કેરાઈ જઈ હાથમાં રહેલ લોખંડની ફર્સી શહેઝાદના પેટની ડાબી બાજુએ મારી દીધી હતી. આ હુમલાથી તેને લોહી વહેવાની સાથે આંખે અંધારા આવતાં નીચે પડી ગયો હતો.તેમ છતાં હર્નિતસિંગે ફરસીથી ગરદનના ભાગે તથા જમણા હાથની કલાઈ ઉપર ઘા કર્યો હતો. અને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. જેથી તેને ભાઈ નૌસાદે વચ્ચે પડીને વધુ મારમાંથી છોડાવ્યો હતો. બાદમાં શહેઝાદને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ચાંદખેડા ની હોસ્પિટલમાં લઈ જવાયો હતો.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું